વિદ્યા સહાયક / પ્રાથમિક શિક્ષક / ઉચ્ચ
પ્રાથમિક શિક્ષક / મુખ્ય શિક્ષકના બદલીના
નિયમો બાબત - સુધારા ઠરાવ

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્ર:પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૪/૧૦/૨૦૨૨

14 OCT 2022
આવક નં. C393C
શાખા : ક.ભા.

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૪/૨૦૨૨ ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)

(૨) નામ.ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ SCA-8667/2022 અને સંલગ્ન કેસમાં નામદાર હાઇકોર્ટ દ્વારા તા.૨૦-૦૯-૨૦૨૨ના રોજ આપવામાં આવેલ ચુકાદો

(૩) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર તરફથી તા.૧૦-૧૦-૨૦૨૨ના રોજ સીંગલ ફાઇલ સીસ્ટમથી રજૂ કરેલ દરખાસ્ત

આમુખ:

આ વિભાગના તા.૦૧-૦૪-૨૦૨૨ના ઠરાવથી ગુજરાત રાજ્યની જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓમાં કામ કરતા શિક્ષકો/મુખ્ય શિક્ષકો માટે બદલીના નવા નિયમો જાહેર કરવામાં આવેલ હતા. આ નિયમોને જુદા જુદા અરજદારો દ્વારા અલગ-અલગ મુદ્દા પર નામદાર હાઇકોર્ટમાં પડકારવામાં આવેલ હતા. જે પીટીશનોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૨૦-૦૯-૨૦૨૨ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે. જે ચુકાદાથી નામ.હાઇકોર્ટે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) મુજબના તા.૦૧.૦૪.૨૦૨૨ ના બદલી અંગેના ઠરાવના નિયમોના પ્રકરણ- D(12), J(5), L(4) મુજબની જોગવાઇઓ રદ કરવા જણાવેલ છે. જેનો રાજ્ય સરકારે સ્વીકાર કરતાં તેના અનુસંધાને ઠરાવની અન્ય જોગવાઇઓમાં પણ સુધારો કરવો જરૂરી જણાય છે. રાજ્યમાં ધોરણ-૬ થી ૮ માં પૂરતા પ્રમાણમાં શિક્ષકો ઉપલબ્ધ હોવાથી આ વિભાગના તા.૦૧.૦૪.૨૦૨૨ના ઠરાવના પ્રકરણ-J ની જોગવાઇઓ અમલમાં રાખવાનું ઉચિત જણાતું નથી. ઉકત વિગતો ધ્યાને રાખી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**સુધારા ઠરાવ:**

આમુખમાં દર્શાવેલ વિગતો પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભે-(૧) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૦૧.૦૪.૨૦૨૨ના ઠરાવમાં આથી નીચે મુજબના સુધારા કરવામાં આવે છે:



Scanned with CamScanner

| અનુક્રમણિકા | | |
|---|---|---|
| (૧૨) | ધોરણ ૬ થી ૮ વિકલ્પ માટેની માંગણીની બદલીઓ | આ જોગવાઇ રદ કરવામાં આવે છે |

| પ્રકરણ-A | | |
|---|---|---|
| બદલીઓના પ્રકાર :- | | સુધારો |
| (૩) | ધોરણ ૬ થી ૮ વિકલ્પ માટેની માંગણીની બદલીઓ. | આ જોગવાઇ રદ કરવામાં આવે છે |

| પ્રકરણ-D | | |
|---|---|---|
| વ્યાખ્યા :- | | સુધારો |
| (૬) | <u>ધોરણ ૬ થી ૮ વિકલ્પ માટેની માંગણીની બદલીઓ :-</u><br>જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ થી ૫ માં ફરજ બજાવતાં વિદ્યાસહાયક/ શિક્ષક ધોરણ-૬ થી ૮ ની શૈક્ષણિક તથા વ્યવસાયિક લાયકાત ધરાવતા અને શિક્ષક યોગ્યતા કસોટી (TET-2) ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાસહાયક/શિક્ષકને ધોરણ-૬ થી ૮ માં સમાવેશ કરવા માટે વિકલ્પ આપતી વખતે કરવાની થતી બદલીઓ. | આ જોગવાઇ રદ કરવામાં આવે છે |
| (૧૨) | <u>ખાતામા દાખલ તારીખ :-</u><br>આ ઠરાવની જોગવાઈ મુજબ રાજયના કોઇ પણ જિલ્લા/નગર શિક્ષણ સમિતિની શાળામા વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષક તરીકે સીધી ભરતી/બઢતીથી પ્રથમ વખત નિમણૂક મેળવી હાજર થયા તારીખને ખાતામા દાખલ તારીખ ગણવી. પરંતુ આવી રીતે નિમણૂક મેળવ્યા બાદ જિલ્લાફેર કે અન્ય કોઇ બદલીથી (જિલ્લા વિભાજન સિવાય) અન્ય જિલ્લા/નગર | <u>ખાતામા દાખલ તારીખ :-</u><br>આ ઠરાવની જોગવાઈ મુજબ રાજયના કોઇ પણ જિલ્લા/નગર શિક્ષણ સમિતિની શાળામા વિદ્યાસહાયક/ શિક્ષક/ મુખ્ય શિક્ષક તરીકે સીધી ભરતી/બઢતીથી પ્રથમ વખત નિમણૂક મેળવી હાજર થયા તારીખને ખાતામા દાખલ તારીખ ગણવી. પરંતુ આવી રીતે નિમણૂક મેળવ્યા બાદ જિલ્લાફેર કે અન્ય કોઇ બદલીથી (જિલ્લા વિભાજન સિવાય) અન્ય જિલ્લા/નગર |



૨૬

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | શિક્ષણ સમિતિની શાળામા હાજર થયા હોય ત્યારે હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખને બદલી માટે ખાતામા દાખલ તારીખ ગણવી. ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિકલ્પ આપી કામ કરતાં શિક્ષકોના કિસ્સામાં વિકલ્પના હુકમની તારીખ ખાતામાં દાખલ તારીખ તરીકે ગણવી. | શિક્ષણ સમિતિની શાળામા હાજર થયા હોય ત્યારે હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખને બદલી માટે ખાતામા દાખલ તારીખ ગણવી. |
| પ્રકરણઃ-G | | |
| સામાન્ય સૂચનાઓ:- | | સુધારો |
| (૮) | આ ઠરાવની તારીખ પહેલાં અગાઉ જિલ્લા/તાલુકા વિભાજન હેઠળ આપેલ વિકલ્પ અન્વયે બનાવવામાં આવેલ વિકલ્પ રજીસ્ટર યથાવત રાખવાના રહેશે તથા જિલ્લાફેર બદલી અંગે આ ઠરાવના પ્રકરણ-(L) માં ક્રમ નં.૪ અને ૫ માં જણાવેલ સૂચના મુજબનું જે તે વિભાગ/વિષયવારનું રજીસ્ટર અપડેટ કર્યા બાદ યથાવત રાખવાના રહેશે. તેમાં નવી કોઈ અરજી દાખલ કરવાની રહેશે નહિ, પરંતુ હાલના રજીસ્ટરમાં રહેલ અરજીઓ પૈકીની અરજીઓને અગ્રતા કે ધો.૬ થી ૮ નો વિકલ્પનો આધાર રજૂ કર્યેથી જે તે વિભાગ/કેટેગરીમાં તબદીલ કરી શકાશે. ઉપરાંત વિધવા/વિધુર દંપતિ, દિવ્યાંગની અગ્રતાનો લાભ મળી શકે તેવી પરિસ્થિતિ ઉભી થઈ હોય તો તે અંગેના સદર ઠરાવમાં દર્શાવેલ આધાર રજૂ કર્યેથી જે તે કેટેગરીમાં અરજી તબદીલ થઈ શકશે. આ સિવાય અન્ય કોઇ પણ પ્રકારનો ફેરફાર હાલના રજીસ્ટરમાં કરી શકાશે નહી. | આ ઠરાવની તારીખ પહેલાં અગાઉ જિલ્લા/તાલુકા વિભાજન હેઠળ આપેલ વિકલ્પ અન્વયે બનાવવામાં આવેલ વિકલ્પ રજીસ્ટર યથાવત રાખવાના રહેશે તથા જિલ્લાફેર બદલી અંગે ધો.૧ થી ૫ માટે અલગ રજીસ્ટર અને ધો.૬ થી ૮ માટે ત્રણેય વિષયવાર અલગ અલગ રજીસ્ટર નિભાવવના રહેશે. જે શિક્ષકોએ અગાઉ ધો.૧ થી ૫ માટે જિલ્લાફેર અરજી કરેલ હોય અને આ સુધારા ઠરાવ પ્રસિધ્ધ થયા પહેલા ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિકલ્પ સ્વીકારેલ હોય અને તે અંગેની જાણ પોતે જે જિલ્લામાં અરજી કરેલ હોય તે જિલ્લાને કરેલ હોય તેવા કિસ્સામાં તેવા શિક્ષકની ધો.૧ થી ૫ ના સિનિયોરીટી યાદીમાંથી અરજી રદ્દ કરી ધો.૬ થી ૮ માં તેઓના વિષયના રજીસ્ટરમાં તે અરજી તબદીલ કરવાની રહેશે પરંતુ આવા કિસ્સામાં તેઓની અરજીની સિનિયોરીટી તેઓએ ધો.૧ થી ૫ માં જિલ્લાફેર બદલીની અરજી જે વર્ષે કરેલ હોય તે વર્ષથી ગણી તે સ્થાને આવી અરજી અપડેટ કરવાની રહેશે. ઉપરાંત વિધવા/વિધુર, દંપતિ, દિવ્યાંગની |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | | અગ્રતાનો લાભ મળી શકે તેવી પરિસ્થિતિ ઉભી થઈ હોય તો તે અંગેના સદર ઠરાવમાં દર્શાવેલ આધાર રજૂ કર્યેથી જે તે કેટેગરીમાં અરજી તબદીલ થઈ શકશે. આ સિવાય અન્ય કોઇ પણ પ્રકારનો ફેરફાર હાલના રજીસ્ટરમાં કરી શકાશે નહી. |
| (૧૦) | (અ) આંતરિક માંગણી બદલી/આંતરિક અરસપરસ માંગણી બદલી અને ધોરણ-૬ થી ૮ ની વિકલ્પ માંગણી બદલીની અરજી કરતી વખતે વિદ્યાસહાયક/શિક્ષક/ મુખ્યશિક્ષકે તેઓની મૂળ શાળામાં ઓછામાં ઓછી ૩(ત્રણ) વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોવી જોઈશે. | (અ) આંતરિક માંગણી બદલી/ આંતરિક અરસપરસ માંગણી બદલીની અરજી કરતી વખતે વિદ્યા સહાયક/ શિક્ષક/ મુખ્યશિક્ષકે તેઓની મૂળ શાળામાં ઓછામાં ઓછી ૩(ત્રણ) વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોવી જોઈશે અને જે શિક્ષકોએ વિકલ્પ આપી ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કામગીરી સંભાળેલ છે તેવા શિક્ષકોના કિસ્સામાં તેઓએ જે શાળામાંથી વિકલ્પ લીધો હોય તે શાળાની દાખલ તારીખથી આંતરીક બદલી /આંતરીક અરસ-પરસ માંગણીના કિસ્સામાં ત્રણ વર્ષની નોકરી પુર્ણ કરી હોવી જોઈશે. |
| (૨૩) | વહીવટી કારણોસરની બદલી સિવાય તથા આ ઠરાવના અન્ય કોઇપણ પ્રકરણમાં જોગવાઇ ન કરવામાં આવેલ હોય તેવી તમામ પ્રકારની આંતરિક બદલીઓમાં મૂળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમની તારીખ સિનિયોરીટી માટે ગણવાની રહેશે. જયારે બે કે તેથી વધારે કર્મચારીઓની હુકમની તારીખ સમાન હોય ત્યારે ખાતામાં દાખલ તારીખ સિનિયોરીટી માટે ગણવાની રહેશે. ખાતામાં દાખલ તારીખ પણ સમાન હોય ત્યારે જન્મ તારીખમાં જે મોટો હોય તેને સિનિયર ગણવાના રહેશે. જો જન્મ તારીખ પણ સમાન | વહીવટી કારણોસરની બદલી સિવાય તથા આ ઠરાવના અન્ય કોઇપણ પ્રકરણમાં જોગવાઇ ન કરવામાં આવેલ હોય તેવી તમામ પ્રકારની આંતરિક બદલીઓમાં મૂળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમની તારીખ સિનિયોરીટી માટે ગણવાની રહેશે. પરંતુ આ સુધારા ઠરાવ બહાર પાડ્યા પહેલા જે શિક્ષકોએ ઉચ્ચ પ્રાથમિક વિભાગનો વિકલ્પ લીધેલ છે. તેઓ માટે તેઓએ જે શાળામાંથી વિકલ્પ લીધો હોય તે શાળામાં હાજર થવા કરાયેલ હુકમની તારીખથી સિનિયોરીટી ગણવાની રહેશે. જયારે બે કે |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | હોય તો ગુજરાતી કક્કાવારી પ્રમાણે કર્મચારીનું ખાતામાં જે નામ દાખલ થતી વખતે લખાયેલ હોય તે મુજબ પહેલાં આવતાં કર્મચારીને સિનિયર ગણવાના રહેશે. | તેથી વધારે કર્મચારીઓની હુકમની તારીખ સમાન હોય ત્યારે ખાતામાં દાખલ તારીખ સિનિયોરીટી માટે ગણવાની રહેશે. ખાતામાં દાખલ તારીખ પણ સમાન હોય ત્યારે જન્મ તારીખમાં જે મોટો હોય તેને સિનિયર ગણવાના રહેશે. જો જન્મ તારીખ પણ સમાન હોય તો ગુજરાતી કક્કાવારી પ્રમાણે કર્મચારીનું ખાતામાં જે નામ દાખલ થતી વખતે લખાયેલ હોય તે મુજબ પહેલાં આવતાં કર્મચારીને સિનિયર ગણવાના રહેશે. |
| (૨૪) | સી.આર.સી./બી.આર.સી./યુ.આર.સી./પ્રતિ નિયુક્ત પર ગયેલ અન્ય કર્મચારીઓની તમામ પ્રકાર (વિકલ્પ સિવાય)ની આંતરિક બદલીઓમાં સિનિયોરીટી ગણતાં સમયે પ્રકરણ-(H) ના ક્રમ-૭ અને ૮ માં તેઓ માટે કરેલ જોગવાઇઓ યથાવંત રહેશે. | સી.આર.સી./બી.આર.સી./યુ.આર.સી. /પ્રતિનિયુક્ત પર ગયેલ અન્ય કર્મચારીઓની તમામ પ્રકારની આંતરિક બદલીઓમાં સિનિયોરીટી ગણતાં સમયે પ્રકરણ-(H) ના ક્રમ-૭ અને ૮ માં તેઓ માટે કરેલ જોગવાઇઓ યથાવત રહેશે. |
| (૨૫) | તમામ પ્રકારની જિલ્લા ફેર બદલી/જિલ્લા વિભાજન બદલી અને ધોરણ – ૬ થી ૮ની વિકલ્પ બદલીમાં જ્યારે સિનિયોરીટીને આધારે સ્થળ પસંદગી આપવાની હોય ત્યારે ખાતામાં દાખલ તારીખને સિનિયોરીટી માટે ગણવાની રહેશે. જ્યારે બે કે તેથી વધારે કર્મચારીઓની ખાતામાં દાખલ તારીખ પણ સમાન હોય ત્યારે જન્મ તારીખમાં જે મોટો હોય તેને સિનિયર ગણવાના રહેશે. જો જન્મ તારીખ પણ સમાન હોય તો ગુજરાતી કક્કાવારી પ્રમાણે કર્મચારીનું ખાતામાં જે નામ દાખલ થતી વખતે લખાયેલ હોય તે | તમામ પ્રકારની જિલ્લા ફેર બદલી/જિલ્લા વિભાજન બદલી માટે સ્થળ પસંદગી આપવાની હોય ત્યારે ખાતામાં દાખલ તારીખને સિનિયોરીટી માટે ગણવાની રહેશે. જ્યારે બે કે તેથી વધારે કર્મચારીઓની ખાતામાં દાખલ તારીખ પણ સમાન હોય ત્યારે જન્મ તારીખમાં જે મોટો હોય તેને સિનિયર ગણવાના રહેશે. જો જન્મ તારીખ પણ સમાન હોય તો ગુજરાતી કક્કાવારી પ્રમાણે કર્મચારીનું ખાતામાં જે નામ દાખલ થતી વખતે લખાયેલ હોય તે મુજબ પહેલાં |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | મુજબ પહેલાં આવતાં કર્મચારીને સિનિયર ગણવાના રહેશે. | આવતાં કર્મચારીને સિનિયર ગણવાના રહેશે. |
| | **પ્રકરણ-H** | |
| | **વધ-ઘટ બદલી અને વધ પરત/સરભર બદલી :-** | |
| **(અ)** | **વધ-ઘટ બદલી :-** | |
| (૩) | પ્રાથમિક(ધોરણ-૧ થી ૫) માં વિદ્યાર્થી સંખ્યાના આધારે શાળાવાર મંજૂર કરેલ મહેકમ કરતાં વધારાના કામ કરતા અને શાળામાં આ વિભાગમાં સૌથી છેલ્લે હાજર થયેલા વિદ્યાસહાયક/શિક્ષકને વધ તરીકે ગણવાના રહેશે.<br>ઉચ્ચ પ્રાથમિક વિભાગ(ધોરણ-૬ થી ૮) માં શાળાવાર મંજૂર મહેકમ મુજબ વિષય શિક્ષકો જાળવી રાખવાના રહેશે. જે સંજોગોમાં કોઇ એક વિષયમાં ૧ કરતાં વધારે વિદ્યાસહાયક/શિક્ષક કામ કરતાં હોય અને વધની પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે તે વિષયમાં શાળામાં સૌથી છેલ્લે હાજર થયેલા વિદ્યાસહાયક/શિક્ષકને વધ તરીકે ગણવાના રહેશે.<br><u>દા.ત.:-</u> કોઇ શાળામાં ધોરણ-૬ થી ૮ માં અગાઉના વર્ષમાં ૧૩૫ વિદ્યાર્થી સંખ્યા હતી. જે મુજબ શાળામાં આ વિભાગમાં કુલ ૪ શિક્ષકોનું મંજૂર મહેકમ હોય, જેમાં વિષયવાર ૨ ભાષા, ૧ ગણિત-વિજ્ઞાન અને ૧ સામાજિક વિજ્ઞાનનું મહેકમ મંજૂર હતું. જેથી શાળામાં ૨ ભાષા શિક્ષક, ૧ ગણિત-વિજ્ઞાન શિક્ષક અને ૧ સામાજિક વિજ્ઞાનના શિક્ષક કામ કરતા હતા. કેમ્પના વર્ષમાં તે શાળામાં ધોરણ-૬ થી ૮ ની વિદ્યાર્થી સંખ્યા ઘટીને ૧૦૨ થાય છે. ત્યારે ૧ શિક્ષકનું મંજૂર | પ્રાથમિક(ધોરણ-૧ થી ૫) માં વિદ્યાર્થી સંખ્યાના આધારે શાળાવાર મંજૂર કરેલ મહેકમ કરતાં વધારાના કામ કરતા અને શાળામાં આ વિભાગમાં સૌથી છેલ્લે હાજર થયેલા વિદ્યાસહાયક/ શિક્ષકને વધ તરીકે ગણવાના રહેશે.<br>ઉચ્ચ પ્રાથમિક વિભાગ(ધોરણ-૬ થી ૮) માં શાળાવાર મંજૂર મહેકમ મુજબ વિષય શિક્ષકો જાળવી રાખવાના રહેશે. જે સંજોગોમાં કોઇ એક વિષયમાં ૧ કરતાં વધારે વિદ્યાસહાયક/શિક્ષક કામ કરતાં હોય અને વધની પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે તે વિષયમાં શાળામાં સૌથી છેલ્લે હાજર થયેલા વિદ્યાસહાયક/શિક્ષકને વધ તરીકે ગણવાના રહેશે.<br><u>દા.ત.:-</u> કોઇ શાળામાં ધોરણ-૬ થી ૮ માં અગાઉના વર્ષમાં ૧૩૫ વિદ્યાર્થી સંખ્યા હતી. જે મુજબ શાળામાં આ વિભાગમાં કુલ ૪ શિક્ષકોનું મંજૂર મહેકમ હોય, જેમાં વિષયવાર ૨ ભાષા, ૧ ગણિત-વિજ્ઞાન અને ૧ સામાજિક વિજ્ઞાનનું મહેકમ મંજૂર હતું. જેથી શાળામાં ૨ ભાષા શિક્ષક, ૧ ગણિત-વિજ્ઞાન શિક્ષક અને ૧ સામાજિક વિજ્ઞાનના શિક્ષક કામ કરતા હતા. કેમ્પના વર્ષમાં તે શાળામાં ધોરણ-૬ થી ૮ ની વિદ્યાર્થી સંખ્યા ઘટીને ૧૦૨ થાય છે. ત્યારે |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | મહેકમ ઘટતાં શાળામાં ૩ શિક્ષકનું મહેકમ મંજૂર થાય છે. તેવા કિસ્સામાં શાળાના ૨ શિક્ષક ભાષા શિક્ષક તરીકે કામ કરતાં હોવાથી ભાષાના ૨ શિક્ષક પૈકી જે તે શાળામાં સૌથી છેલ્લે આવેલ શિક્ષકને વધ ગણવાના રહેશે. પરંતુ ધોરણ-૬ થી ૮ માં વિષય શિક્ષકની વધ નકકી કરતી વખતે એક જ વિષયમાં અગાઉથી કોઇ વિદ્યાસહાયક/શિક્ષક ફરજ બજાવતાં હોય ત્યાર બાદ તે જ શાળામાંથી ધોરણ-૧ થી ૫ ના વિદ્યાસહાયક/શિક્ષક તે જ શાળામાં ધોરણ-૬ થી ૮ નો વિકલ્પ લે અથવા વિકલ્પ લઇ બીજી શાળામા જાય તો તેવા કિસ્સામાં તેની પ્રાથમિક શિક્ષક (ધોરણ ૧ થી ૫) તરીકેની સિનિયોરીટી ન ગણતાં ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮)માં વિકલ્પ લઇ પોતાની કે બીજી શાળામા હાજર થયા તારીખને ધ્યાને લઇ વધ ગણવાની રહેશે. | ૧ શિક્ષકનું મંજૂર મહેકમ ઘટતાં શાળામાં ૩ શિક્ષકનું મહેકમ મંજૂર થાય છે. તેવા કિસ્સામાં શાળાના ૨ શિક્ષક ભાષા શિક્ષક તરીકે કામ કરતાં હોવાથી ભાષાના ૨ શિક્ષક પૈકી જે તે શાળામાં સૌથી છેલ્લે આવેલ શિક્ષકને વધ ગણવાના રહેશે. પરંતુ ધોરણ-૬ થી ૮ માં વિષય શિક્ષકની વધ નકકી કરતી વખતે એક જ વિષયમાં અગાઉથી કોઇ વિદ્યાસહાયક/શિક્ષક ફરજ બજાવતાં હોય ત્યાર બાદ તે જ શાળામાંથી ધોરણ-૧ થી ૫ ના વિદ્યાસહાયક/શિક્ષક તે જ શાળામાં ધોરણ-૬ થી ૮ નો વિકલ્પ લીધેલ હોય અથવા વિકલ્પ લઇ બીજી શાળામા ગયેલા હોય તેવા કિસ્સામાં વિકલ્પ લીધેલ શિક્ષકને તેઓ જે શાળામાંથી વિકલ્પ લીધેલ છે તે શાળામાં ધો.૧ થી ૫ માં શિક્ષક તરીકે દાખલ થયા તારીખથી સિનિયોરીટી ગણી વધ ગણવાની રહેશે. |
| (૨૨) | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ રાજયના વિવિધ જિલ્લા/નગર શિક્ષણ સમિતિ તરફથી મળેલ વધના શિક્ષકોની યાદી અને ખાલી જગ્યાઓની યાદી ઓનલાઇન પ્રદર્શિત કરવાની રહેશે અને જે તે જિલ્લામાં વિદ્યા સહાયક/ શિક્ષક/ મુખ્ય શિક્ષકની વધ પડેલ શાળાની જે તે વિભાગ/ વિષયની મૂળ શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખ ધ્યાને લઈ સિનિયોરીટી યાદી બનાવવાની રહેશે અને રાજય કક્ષાએ જીલ્લાફેર વધ સરભર કેમ્પ કરવાનો રહેશે અને કેમ્પના દિવસે વિદ્યાસહાયક/ શિક્ષક/મુખ્યશિક્ષકને હુકમ આપવાના રહેશે. | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ રાજયના વિવિધ જિલ્લા/નગર શિક્ષણ સમિતિ તરફથી મળેલ વધના શિક્ષકોની યાદી અને ખાલી જગ્યાઓની યાદી ઓનલાઇન પ્રદર્શિત કરવાની રહેશે અને જે તે જિલ્લામાં વિદ્યાસહાયક/ શિક્ષક/મુખ્યશિક્ષકની વધ પડેલ શાળાની જે તે વિભાગ/વિષયની મૂળ શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખ ધ્યાને લઈ સિનિયોરીટી યાદી બનાવવાની રહેશે. આવા શિક્ષકો પૈકી જો કોઈ શિક્ષક વિકલ્પ આપી ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં આવેલ હોય અને વધ પડતા હોય તેવા કિસ્સામાં તેઓએ જે શાળામાંથી |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | સ્થળ પસંદગી કરતી વખતે વિદ્યા સહાયક/ શિક્ષક/ મુખ્ય શિક્ષકની હાલની શાળામાં હાજર થવા કરાયેલ હુકમની તારીખને ધ્યાને લેવાની રહેશે. આ અંગેના હુકમો ઓનલાઇન મેળવવાના રહેશે. આ રીતે અન્ય જિલ્લામાં વધથી સમાવેલ વિદ્યા સહાયક/ શિક્ષક/ મુખ્ય શિક્ષકને આ પ્રકરણના (બ) ની જોગવાઇ અનુસાર જિલ્લા પરત આવી શકશે. | વિકલ્પ લીધેલ હોય તે શાળામાં હાજર થવા માટે કરેલ હુકમની તારીખ ધ્યાને લઈ સિનિયોરીટી ગણવાની રહેશે અને રાજય કક્ષાએ જીલ્લાફેર વધ સરભર કેમ્પ કરવાનો રહેશે અને કેમ્પના દિવસે વિદ્યાસહાયક/ શિક્ષક/ મુખ્યશિક્ષકને હુકમ આપવાના રહેશે. સ્થળ પસંદગી કરતી વખતે વિદ્યા સહાયક /શિક્ષક /મુખ્ય શિક્ષકની હાલની શાળામાં હાજર થવા કરાયેલ હુકમની તારીખને ધ્યાને લેવાની રહેશે. આ અંગેના હુકમો ઓનલાઇન મેળવવાના રહેશે. આ રીતે અન્ય જિલ્લામાં વધથી સમાવેલ વિદ્યા સહાયક/ શિક્ષક/ મુખ્ય શિક્ષકને આ પ્રકરણના (બ) ની જોગવાઇ અનુસાર જિલ્લા પરત આવી શકશે. |

**પ્રકરણ-J**

| ધોરણ ૬ થી ૮ વિકલ્પ માટેની માંગણીની બદલીઓ : | | સુધારો |
|---|---|---|
| (૧) | જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં શિક્ષણ વિભાગ દ્વારા વખતોવખત ઠરાવવામાં આવે તે મુજબની ધોરણ – ૬ થી ૮ ની શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત ધરાવતા અને ધોરણ – ૧ થી ૫ માં ફરજ બજાવતાં વિદ્યાસહાયક/શિક્ષક જો ધોરણ – ૬ થી ૮ માં સમાવેશ કરવા માટે અરજી કરે ત્યારે જીલ્લામાં ધોરણ-૬ થી ૮ માં વિષય દીઠ ૧૦ કે તેથી વધુ ચોખ્ખી ખાલી જગ્યા ઉપલબ્ધ હોય તો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ જે તે વર્ષના વધ-ઘટ કેમ્પ બાદ આધાર-પુરાવા સાથે જરૂરી લાગે તો નિયામકશ્રી પ્રાથમિક | પ્રકરણ - J રદ્દ કરવામાં આવે છે.<br>કારણઃ હાલ ધો.૬ થી ૮માં પુરતા પ્રમાણમાં શિક્ષકો ઉપલબ્ધ હોઈ નવેસરથી વિકલ્પ આપી શિક્ષકો મેળવવાની જરૂરીયાત જણાતી નથી. |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | શિક્ષણને દરખાસ્ત કરવાની રહેશે અને નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા મંજુરી આપવામાં આવે ત્યારે વિકલ્પ કેમ્પ કરવાના રહેશે. | |
| (૨) | ધોરણ – ૬ થી ૮ ની શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત ધરાવતા અને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી જે તે વિષય/માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા (TET-2) પાસ કરેલ હોય અને ધોરણ – ૧ થી ૫ માં ઓછામાં ઓછા ૩(ત્રણ) વર્ષની નોકરી પૂર્ણ કરી ફરજ બજાવતાં વિદ્યાસહાયક/શિક્ષક એ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા કેમ્પ જાહેર કરવામાં આવે ત્યારે તે પછીના દિન-૧૦ માં વિદ્યાસહાયક/ શિક્ષકએ આધાર-પુરાવા સાથે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીને પોતાના વિષય અનુસાર વિકલ્પ માટે અરજી આપવાની રહેશે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એ તમામ દરખાસ્તોની ચકાસણી કરી માન્ય વિકલ્પની દરખાસ્ત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આપવાની રહેશે અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ આ તમામ દરખાસ્તોને જીલ્લા કક્ષાએ વિષયવાર અલગ અલગ યાદી બનાવી ખાતામાં દાખલ થવાની તારીખની સિનીયોરીટીના આધારે યાદી પ્રસિદ્ધ કરવાની રહેશે તથા વિકલ્પ માટે અરજી કરેલ વિદ્યા સહાયક/ શિક્ષકને ઉચ્ચ પ્રાથમિકમાં સમાવવાની પ્રક્રિયા કેમ્પ દરમ્યાન કરવાની રહેશે. જયારે કેમ્પ કરવામાં આવે ત્યારે તે માસની પહેલી તારીખે જે તે વિષયની આખા | |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | જીલ્લામાં ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યાને કેમ્પમાં દર્શાવવાની રહેશે. વિદ્યા સહાયક/ શિક્ષક એ પોતાની ખાતામાં દાખલ તારીખના આધારે જીલ્લાની જે તે વિષયની ઉપલબ્ધ ખાલી જગ્યામાંથી પસંદગી કરવાની રહેશે. જો ખાતામાં દાખલ તારીખ સરખી હોય તો જન્મ તારીખ, જો જન્મ તારીખ પણ સરખી હોય તો વિદ્યાસહાયક/શિક્ષકના ગુજરાતીમાં નામની કકકાવારી મુજબ સિનિયોરીટી નકકી કરવાની રહેશે અને તે મુજબ સ્થળ પસંદગી કરવાની રહેશે. | |
| (૩) | જો કેમ્પમાં વિદ્યા સહાયક/ શિક્ષક સ્થળ પસંદગીમાં અસંમતિ દર્શાવે અથવા કેમ્પમાં ગેરહાજર રહે તો તેનો જે તે વર્ષ માટે હકક દાવો રદ થશે. પરંતુ તેઓનો કાયમી હકક રદ થશે નહી તે બીજી વખત વિકલ્પની માંગણી કરી શકશે. જે તે વર્ષે વિકલ્પ કેમ્પ પૂર્ણ થયા બાદ જો કોઈ જગ્યા ઉપલબ્ધ ન હોય તો પેન્ડીંગ તમામ અરજીઓ રદ ગણાશે. તેઓ નવા કેમ્પ વખતે ફરી અરજી કરવાની રહેશે. | |
| (૪) | ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ- ૬ થી ૮) નો વિકલ્પ પસંદ કરનાર વિદ્યાસહાયક/ શિક્ષક પુખ્ત ઉમંર અને પુરતી સમજણ ધરાવતાં હોય અને જાતે વિકલ્પ આપી શાળા પસંદ કરતાં હોય છે. તેથી આપેલ વિકલ્પ તથા વિકલ્પથી પસંદ કરેલ શાળાનો હુકમ કોઇ પણ સંજોગોમાં રદ થઇ શકશે નહી. એટલે કે વિકલ્પ લીધેલ વિદ્યા સહાયક/ શિક્ષક ધોરણ-૧ થી ૫ મા પરત આવી શકશે નહી. | |



૨૪

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| (૫) | વિકલ્પને માંગણીની બદલી ગણવાની રહેશે. જેથી તે જે તે શાળામાથી ૩(ત્રણ) વર્ષ સુધી આંતરિક માંગણીની તથા આંતરિક અરસ-પરસ બદલી અને ૫(પાંચ) વર્ષ સુધી જિલ્લાફેર એકતરફી અને જિલ્લા અરસ-પરસ બદલીની માંગણી કરી શકશે નહી. | |
| (૬) | આ ઠરાવની તારીખ પહેલા જે વિદ્યાસહાયક/શિક્ષક એ ધોરણ-૬ થી ૮ નો વિકલ્પ લઈ ઉચ્ચ પ્રાથમિકમાં ફરજ બજાવતાં હોય તેમણે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી જે તે વિષય/માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા (TET-2) પાસ કરવાની રહેશે નહી. | |
| | **પ્રકરણ-L** | |
| | **જિલ્લાફેર એકતરફી ઓફલાઇન બદલી :-** | **સુધારો** |
| (૪) | પ્રાથમિક વિભાગ (૧થી૫) માટે વિદ્યાસહાયક/શિક્ષકની મૂળ જિલ્લાની નોકરીની દાખલ તારીખના આધારે તથા ઉચ્ચ પ્રાથમિક વિભાગ(૬થી૮) માટે વિદ્યાસહાયક/ શિક્ષકની ઉચ્ચ પ્રાથમિકમાં સમાવ્યાની દાખલ તારીખના આધારે જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ઉપરની વિગત મળેલી અંરજીઓ વિભાગ-વિષયવાર શ્રેયાનતા મુજબ જિલ્લા ફેરબદલી રજીસ્ટરમાં નોંધવાની રહેશે.<br>એટલે કે ધોરણ-૧ થી ૫ માટે વિદ્યાસહાયક/શિક્ષકની મૂળ જિલ્લાની દાખલ તારીખના આધારે અને ધોરણ-૬ થી ૮ માટેનાં વિદ્યાસહાયક/શિક્ષકની ધોરણ-૬ થી ૮ માં ભરતીથી નિમણૂંક પામેલ હોય કે ધોરણ-૬ થી ૮ નો વિકલ્પ લઇ ધોરણ-૬ થી ૮ માં દાખલ થયા તારીખથી નોકરીની કુલ લંબાઇ અનુસાર | પ્રાથમિક વિભાગ ધો.૧ થી ૫ માટે વિદ્યા સહાયક/શિક્ષકની મુળ જિલ્લામાં ૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ થયેથી જે વર્ષે જિલ્લાફેર માટે કરેલ અરજી જે તે જિલ્લામાં નોંધાયેલ હોય તે વર્ષને ધ્યાને લઈ સિનિયોરીટી યાદીમાં તે અરજીનો સમાવેશ કરવાનો રહેશે.<br>ઉચ્ચ પ્રાથમિક વિભાગ ધો.૬ થી ૮ માટે વિદ્યા સહાયક/શિક્ષકની મુળ જિલ્લામાં ૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ થયેથી જે વર્ષે જિલ્લાફેર માટે કરેલ અરજી જે તે જિલ્લામાં નોંધાયેલ હોય તે વર્ષને ધ્યાને લઈ સિનિયોરીટી યાદીમાં તે અરજીનો સમાવેશ કરવાની રહેશે.<br>ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં જે શિક્ષકો દ્વારા તેઓ ધો.૧ થી ૫ મા કામ કરતા હતા |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | અલગ-અલગ સિનિયોરીટી યાદી તૈયાર કરીને વિદ્યાસહાયક/શિક્ષકની બદલી કરવાની રહેશે. | અને જિલ્લાફેર બદલીની અરજી કરેલ હોય અને ત્યારબાદ ઉચ્ચ પ્રાથમિક વિભાગનો વિકલ્પ સ્વીકારેલ હોય અને તેની જાણ જે જિલ્લામાં અરજી કરેલ છે તે જિલ્લાને કરેલ હોય તેવા કિસ્સામાં તેઓની અરજી ધો.૬ થી ૮ મા જે તે વિષયના રજીસ્ટરમાં નોંધવાની રહેશે અને આ માટે તેઓએ ધો.૧ થી ૫ માં જિલ્લાફેર બદલીની મુળ અરજી જે વર્ષે કરેલ હોય તે વર્ષથી તેઓની સિનિયોરીટી ગણવાની રહેશે. |

૨. આ સુધારેલ ઠરાવની જોગવાઇઓ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપી શકશે.

૩. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) મુજબના તા.૦૧.૦૪.૨૦૨૨ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીની તા.૧૪.૧૦.૨૦૨૨ની નોંધથી મળેલ સંમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

ઈ.નં.83738

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/2022/9593-9645
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા. 14/10/2022

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ. . .</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

(ડૉ.એસ. પી. ચૌધરી)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

Scanned with CamScanner